પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૪૯ | ૨૦ નવેમ્બર, ૨૦૧૫, શુક્રવાર ; કારતક સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**તાપમાન**
મહત્તમ : ૩૨.૩ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૪૦ ટકા

## ફટાફટ ન્યુઝ

- પેરિસમાં ભીષણ ત્રાસવાદી હુમલાના માસ્ટરમાઇન્ડનુ મોત થઇ ચુક્યુ છે : રિપોર્ટ
- ઈસ્લામિક સ્ટેટ પ્રત્યે સમર્પિત રહેલા યુવાનોની ગતિવિધિ પર નજર
- ભારતમાં આતંક મચાવવા માટે હિજબુલને ૮૦ કરોડ
- ત્રાસવાદગ્રસ્ત દેશોમાં ભારત છઠ્ઠા ક્રમાંક પર
- રાયગઢ વન્યમાં શીનાને જ સળગાવાઈ હતી : અહેવાલ
- તામિળનાડુમાં પુરની સ્થિતીમાં નોંધપાત્ર સુધાર
- માત્ર ૩ મહિનામાં ૧.૩ કરોડ મોબાઇલ ગ્રાહકો વધી ગયા છે
- બજારમાં તેજી : સેન્સેક્સમાં ૩૫૯ પોઇન્ટનો ફરી સુધારો
- ડોલરની સામે રૂપિયો ૧૨ પૈસા રિકવર થયો

# ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ માટે સરકાર કટિબદ્ધ

**રિસર્જન્ટ રાજસ્થાન પાર્ટનરશીપ સમિટમાં નાણામંત્રી અરૂણ જેટલીનું સંબોધન : વાજબી ટેક્સ રેટ અને કારોબાર કરવા માટે વાતાવરણ હળવું, અડચણમુક્ત બને તે ખૂબ જરૂરી છે : બેંકો પણ દેવાની સ્થિતિને લઈ દબાણ હેઠળ**



જયપુર, તા. ૧૯

વિકાસની ગતિને તીવ્ર બનાવવાના હેતુસર નાણાં મંત્રી અરૂણ જેટલીએ ભ્રષ્ટાચારમુક્ત ગવર્નન્સ, વાજબી ટેક્સના દર અને કુદરતી સંશાધનોની કોઈપણ પક્ષપાત વગરની ફાળવણીની ખાતરી આપી હતી. સાથે-સાથે ભારતમાં કારોબાર કરવા માટે કંપનીઓ માટે સરળ માહોલ બનાવવાની વાત પણ કરવામાં આવી હતી. સૌથી મૂડીરોકાણલક્ષી વાતાવરણ ઉપલબ્ધ કરાવવાના મુદ્દા ઉપર રાજ્યો વચ્ચે તીવ્ર સ્પર્ધા રહે તે અંગે સ્થિતિ સર્જાય તેવી પણ જેટલીએ વાત કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, રાજ્યોએ સૌથી મોડી રોકાણલક્ષી વાતાવરણ સર્જવાના મુદ્દે એકબીજા સાથે સ્પર્ધા કરવી જોઈએ. તેમણે ઉમેર્યુ હતું કે, બિઝનેસ કરવાની પ્રક્રિયાને માત્ર સરળ બનાવવાનો હેતુ નથી. રિસર્જન્ટ રાજસ્થાન પાર્ટનરશીપ સમિટને સંબોધતા જેટલીએ કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્યોએ જુદા જુદા ક્ષેત્રોમાં એકબીજાને સહકાર આપવાની જરૂર છે. તેમણે ઉમેર્યું હતું કે, બિઝનેસઆડે તકલીફો અડચણરૂપ બની શકે છે. જેથી સરકાર ભ્રષ્ટાચારમુક્ત ગવર્નન્સની વાત કરી

● અનુસંધાન પાન-૬ પર

# ફ્રાન્સમાં કેમિકલ, બાયોલોજિકલ હુમલાનો પણ ખતરો

**ફ્રાન્સના વડાપ્રધાનની ચેતવણીથી લોકોમાં ભારે દહેશત ફેલાઈ : ઈસ્લામિક સ્ટેટ સામે તીવ્ર જંગ છેડી દેવામાં આવી છે ત્યારે વધારે સાવચેતી રાખવાની જરૂર છે : સંસદમાં ફ્રાન્સના વડાપ્રધાને તમામનો સહકાર માંગ્યો**

પેરિસ, તા. ૧૯

ફ્રાંસના વડાપ્રધાન મેનુઅલ વલ્લાસે આજે ચેતવણી આપતા કહ્યું હતું કે, ઈસ્લામિક સ્ટેટ સામે ફ્રાંસે જંગ છેડી દીધી છે ત્યારે ફ્રાંસમાં કેમિકલ અથવા બેકટેરીયલ વોરફેરનો ખતરો રહેલો છે. આનો મતલબ એ થયો કે ફ્રાંસમાં કેમિકલ અને બાયોલોજિકલ હુમલાનો જોખમ રહેલો છે. તેમની આ ચેતવણીથી ફ્રાંસના લોકોમાં વધારે દહેશત ફેલાઈ ગઈ છે. સંસદને સંબોધતા તેમણે કહ્યું હતું કે, અમે આવી કોઈ શક્યતાને નકારી શકતા નથી. તેઓ કહેવા માંગે છે કે તમામ પ્રકારની સાવચેતી રાખવાની જરૂર છે. તેમણે એમપણ કહ્યું હતું કે, રસાયણ અથવા તો જૈવીક હથિયારોથી હુમલાનો ખતરો દેખાઈ રહ્યો છે. પેરિસમાં ગયા સપ્તાહે કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલાના અનુસંધાનમાં લાદવામાં આવેલી ઈમરજન્સી માટે સંસદ પાસેથી એક્સ્ટેન્શનની માંગણી તેઓએ કરી હતી. આ આતંકવાદી હુમલામાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. ફુટબોલ સ્ટેડિયમને ટાર્ગેટ બનાવીને પણ હુમલાના પ્રયાસ કરાઈ ચુક્યા છે.

● અનુસંધાન પાન-૬ પર



# ટાઈમ પર્સન ઓફ ધ યર દાવેદારોમાં મોદી સામેલ



**મુકેશ અંબાણી, પીચાઈ પણ દાવેદારમાં સામેલ : આગામી મહિને એવોર્ડની જાહેરાત : ઓબામા, પુતિન, હોલાન્ડે, જિનપિંગ, અબુ બકર જેવા શક્તિશાળી સામેલ**

નવી દિલ્હી, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણી અને ગુગલના ભારતમાં જન્મેલા સીઈઓ સુંદર પીચાઈ એવા ૫૦ ગ્લોબલ લીડરો, બિઝનેસવડાઓ અને આઈકનમાં સામેલ છે જે વ્યક્તિને પર્સન ઓફ ધ યરનું સન્માન આપવામાં આવનાર છે. ટાઈમ્સ પર્સન ઓફ ધ યરના દાવેદારમાં નરેન્દ્ર મોદી પણ મેદાનમાં છે. અહેવાલમાં જણાવાયું છે કે, પર્સન ઓફ ધ યરની આગામી મહિનામાં જાહેરાત કરવામાં આવનાર છે. પબ્લિકેશનનું કહેવું છે કે, આ ટાઈટલ સૌથી પ્રભાવશાળી વ્યક્તિને આપવામાં આવશે. ખરાબ અથવા સારા કામ માટે સતત ચર્ચામાં રહેલા સૌથી પ્રભાવશાળી વ્યક્તિને આ એવોર્ડ આપવામાં આવશે. મોદી ભારતમાં સીધા વિદેશી મૂડીરોકાણને લાવવાના તમામ પ્રયાસ કરી રહ્યા છે. તેઓ વિશ્વની સૌથી મોટી લોકશાહીને આધુનિક બનાવવાના પ્રયાસ પણ કરી રહ્યા છે. પરંતુ ભારતીય નેતા ઘણા બધા આક્ષેપોનો સામનો કરી રહ્યા છે.




# આજે નિતીશની મુખ્યમંત્રી તરીકે શપથવિધિ

પટણા,તા. ૧૯

બિહારના મુખ્યપ્રધાન તરીકે નીતીશ કુમારની તાજપોશી માટેનો તખ્તો આખરે તૈયાર કરી લેવામાં આવ્યો છે. નીતીશ કુમાર આવતીકાલે મુખ્યપ્રધાન તરીકેના શપથ લેશે. તેમની સાથે કેટલાક સભ્યો પણ પ્રધાન તરીકેના શપથ લે તેવી શક્યતા દેખાઈ રહી છે. નીતીશ કુમારના નેતૃત્વમાં હાલમાં મહાગઠબંધને બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ઈતિહાસ રચીને શાનદાર જીત મેળવી હતી. નીતીશ કુમારના ગઠબંધને પ્રચંડ બહુમતિ મેળવી લીધી હતી.




